ડીસામાં આરોગ્ય વિભાગના દરોડા

આરોગ્ય વિભાગે ઘી, મરચા અને માવાની ફેક્ટરીમાં તપાસ હાથ ધરી સેમ્પલો લીધા

ડીસા

બનાસકાંઠાના ડીસાની ડી-ફોર ડુપ્લીકેટની છબી સમગ્ર રાજ્યમાં કલંકિત થઈ ચૂકી છે. ડીસાનું નામ પડતા જ સૌ કોઈ ચોકી જાય છે. ડીસામાં ખાદય પદાર્થો જેવા કે ઘી, તેલ, મરચુ, હળદર, લોટ, ચા, બિયારણ, બીડી સહિતની વસ્તુઓનું મોટા પાયે ડુપ્લિકેટિંગ થાય છે. શોર્ટકટમાં રૂપિયા કમાવવાની લ્હાયમાં લેભાગુ લોકો જનઆરોગ્ય સાથે જીવલેણ ચેડાં કરી રહ્યા છે. ત્યારે ફૂડ વિભાગ દ્વારા આજે ડીસામાં વિવિધ ખાદય એકમો ઉપર તપાસ હાથ ધરી ચકાસણી અર્થે સેમ્પલો લઈ શંકાસ્પદ જથ્થો સિઝ કર્યો હતો.

ડીસામાં આજે જિલ્લા ફૂડ અધિકારી બી. જી. ગામીત અને તેમની ટીમે આજે હરસોલિયા વિસાતરમાં આવેલ સાગર દેવચંદ પંચિવાળાના ગોડાઉન ઉપર તપાસ હાથ ધરી હતી. જેમાં હેપી ઈન્ટર એસ્ટ્રીફાયડ ઘીના ૧૫૫૬ ટીન તેમજ રાજ ઈન્ટર એસ્ટ્રીફાયડ ઘીના ૧૨૨૬ જાર કબ્જે લઈ તેના સેમ્પલ ચકાસણી અર્થે મોકલી આપી કુલ ૪,૨૯,૧૦૦નો મુદા માલ સિઝ કર્યો હતો. તેમજ ડીસા જીઆઈડીસી ખાતે આવેલ પીનાક મસાલા અને નયન મસાલાની ફેકટરીમાંથી પણ હળદરના સેમ્પલ લઈ પરીક્ષણ અર્થે મોકલી આપ્યા હતા.

આ ઉપરાંત ડીસાના હાઈવે સ્થિત ગુજરાત આઈસ ફેકટરી ખાતે મુકવામાં આવેલ રાણીવાડાના વેપારી ભગવાનદાસ રામનાથ અગ્રવાલનો ૩૦ કિલો માવાના ૧૨૧ કટ્ટા જેની કિંમત ૧૦ લાખ તેમજ રાજસ્થાનના સિરોહીના વેપારી ગોપાલદાસ કુમાવત (પ્રજાપતિ)ના ૩૦ કિલો માવાના ૧૬૦ કટ્ટા જેની કિંમત ૧૭ લાખ ઉપરાંતનો માવો જે કોલ્ડસ્ટોરેજમાં સાચવણી અર્થે રાખવામાં આવેલ તેમાંથી ફૂડ વિભાગે સેમ્પલો લઈ ચકાસણી અર્થે લેબોરેટરીમાં મોકલી આપ્યા હતા. તેમજ આ બાબતે જિલ્લા ફૂડ અધિકારી બી. જી. ગામીતે જણાવ્યું હતું કે હાલ તો આ તમામ ઘી, મરચા, હળદર, અને માવાના સેમ્પલો કબ્જે લઈ ચકાસણી અર્થે મોકલી આપેલ છે અને લેબરોટરીનો રિપોર્ટ આવ્યા બાદ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ડીસામાં સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

ડીસામાં આજે નગરપાલિકા દ્વારા શહેરના લોકોને સરકારી યોજનાનો ઘરે બેઠા લાભ મળી રહે તે માટે સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યમાં વસતા તમામ નાગરિકોને સરકારી યોજનાઓનો લાભ મળી રહે તે માટે સરકાર દ્વારા અનેક યોજનાઓ અમલી બનાવવામાં આવી છે. પરંતુ સરકારી આ યોજનાઓથી પ્રજાજનો અજાણ હોવાના લીધે સરકારી લાભથી લોકો વંચિત રહી જતાં હોય છે અને યોજનાના લાભ માટે સરકારી પુરાવા એકત્રિત કરવામાં પણ લોકોને મોટી મુશ્કેલી પડતી હોય છે ત્યારે ડીસા નગરપાલિકાએ સમસ્યાનો હલ નીકળ્યો છે ડીસા નગરપાલિકા દ્વારા આજે ડીસા નગરપાલિકા સંચાલીત એસ.સી. ડબલ્યુ. હાઈસ્કૂલ ખાતે સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નગરજનોને એક જ સ્થળ પરથી તમામ સરકારી યોજના અંગે સમજણ આપવા સરકારી પુરાવા પણ નીકળી આપવામાં આવ્યા હતા.

બાયડ-ધનસુરા રોડ પર કરોલી નજીક ટ્રકનું ટાયર બાઈકસવાર પર ફરી વળતા આશાસ્પદ યુવકનું મોત

ધનસુરા, તા. ૧૧

ધનસુરા-બાયડ રોડ પર મસમોટા ખાડા પડતા સમગ્ર રોડ ખાડા માર્ગ બન્યો છે. રોડ પર પડેલા ખાડાઓના પગલે અવારનવાર નાના-મોટા અકસ્માતનો ભોગ વાહન ચાલકો બનતા રહે છે. મોડાસા-કપડવંજ રોડ પર ભારે ભરખમ ટોલટેક્સ ઉઘરાવવા છતાં રોડ પર પડેલા ખાડાઓ પુરાવામાં જવાબદાર તંત્ર ઉણુ ઉતરતા વાહનચાલકો અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોના લોકોમાં બીસ્માર હાલતમાં ફેરવાયેલ રોડનું ઝડપથી સમારકામ હાથ ધરવામાં આવેની માંગ પ્રબળ બની છે.

પ્રાપ્ત માહિતી મુજબ ધનસુરા-બાયડ રોડ પર કરોલી ગામ નજીકથી પસાર થઈ રહેલા બાઈક ચાલકે રોડ પર પડેલા ખાડાના પગલે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા બાઈક ચાલક સહીત અન્ય શખ્સ રોડ પર પટકાતા પાછળથી આવી રહેલ ટ્રકનું ટાયર બાઈક સવાર યુવક પર ફરી વળતા બાઈક સવાર

યુવકનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

બાઈક ચાલક યુવકના શરીરે ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો. બાયડ પોલીસે ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા તાલુકાના રામપુર (સાકરીયા) ગામના અજમલ ડાહ્યાભાઈ બામણીયા અને સંજય પંકજભાઈ કટારા મોડાસા શહેરમાં જાહેરાતના બોર્ડ લગાવતી દુકાનમાં નોકરી કરતા હતા ગુરુવારે બાઈક પર બાયડમાં સાઈન બોર્ડના કામકાજ અર્થે જઈ રહ્યા હતા, બાયડ-ધનસુરા રોડ પર કરોલી નજીક પસાર થતા હતા ટ્રકે બાઈકને ટક્કર મારતા બંને યુવકો રોડ પર પટકાતા સંજય પંકજ કટારા નામના યુવક પર ટ્રકના ભારે ભરખમ ટાયરો ફરી વળતા ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજયું હતું. બાઈકચાલક અજમલ ડાહ્યાભાઈ બામણીયાના શરીરે ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ સારવાર અર્થે દવાખાને ખસેડ્યો હતો. અકસ્માતની ઘટનાના પગલે બાયડ પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતક યુવકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી અકસ્માત સર્જી ફરાર ટ્રકચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પાછોતરા વરસાદથી થયેલ નુકશાન બદલ ખેડૂતોને સત્વરે વળતર ચુકવવા માંગ

હિંમતનગર, તા. ૧૧

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં પડેલા પાછોતરા વરસાદથી ખેડૂતોના પાકને વ્યાપક નુકશાન થયુ છે જેથી સરકાર દ્વારા સત્વરે બંને જિલ્લાના ખેડૂતોને રોકડ સહાય ચૂકવીને વળતર આપવાની માગં પ્રબળ બની છે.

આ અંગે હિંમતનગર સ્થિત સાબરકાંઠા જિલ્લા સંઘના ચેરમેન અને સહકારી અગ્રણી અંબાલાલ ઉપાધ્યાયના જણાવાયા મુજબ ખેડૂત એક એવુ પ્રાણી છે કે જે મહેનત કરીને પકવે છે તે પોતાના કરતા અન્ય માટે વધુ ચિંતા કરીને ખંતથી કામ કરે છે પરંતુ જાણે કે ખેડૂતનુ નસીબ પાતળુ હોય તેમ અનેક વખત મોંમા આવેલો કોળીયો કુદરત યેનકેન પ્રકારે ઝુંટવી લે છે. જેમાં વધુ વરસાદ, ઓછો વરસાદ, રોગચાળો, જીવાતનો ઉપદ્રવ અને પવન સાથે જોરદાર વાવાઝોડુ ફૂંકાય તો તેમાં સૌથી વધુ ખેડૂતોને સહન કરવાનો વારો આવે છે.

આ વર્ષે પણ કુદરતે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં પાછળથી જરૂર કરતા વધુ મહેર કરીને ખેડૂતોએ વાવેતર કરેલ કપાસ, મગફળી, મકાઈ, કઠોળ પાકો અને કેટલીક શાકભાજીનુ ધનોતપનોત કાઢી નાખ્યુ છે તો બીજી તરફ ખેડૂતોએ ચોમાસુ પાક માટે કરેલ ખર્ચ પાકના ઉત્પાદનમાંથી ભરપાઈ થઈ શકે તેમ નથી તેથી બિચારા ખેડૂતોની દિવાળીનો તહેવાર સારી રીતે થાય તેવી શક્યતા નથી.

તેથી આ ખેડૂતોને રાજ્ય સરકારે સત્વરે વળતર ચૂકવવાનો નિર્ણય લઈને ખેડૂતોએ ચોમાસુ પાક માટે લીધેલ ધિરાણ કા તો માફ કરવુ જોઈએ અથવા તો તેનુ વ્યાજ ન લઈને મુદત લંબાવી આપવી જોઈએ જો સરકાર સત્વરે ખેડૂતલક્ષી નિર્ણયો લેવામાં પાછી પાની કરશે તો આગામી વર્ષોમાં ખેડૂતો ખેતી કરવાનુ બંધ કરી દે તો નવાઈ નહી.

મોડાસા લાયન્સ ક્લબે શહેરની નવરાત્રીના આયોજકોને સન્માનિત કર્યા

મોડાસા લાયન્સ પરિવાર દ્વારા મોડાસા નગરમા થતી તમામ નવરાત્રી મહોત્સવના પ્રમુખને સન્માનિત કરવામાં આવ્યા હતા. નવરાત્રીના પવિત્ર ઉત્સવનુ આયોજન કરવા બદલ સોસાયટી નગર વિકાસ મિત્ર મંડળ આયોજિત કલ્યાણ ચોક નવરાત્રી મહોત્સવના પ્રમુખ સૌરભ અશોકકુમાર ત્રિવેદીને સન્માન પુષ્પ આપી પ્રોત્સાહીત કરવામા આવ્યા અને કન્વીનર, નાણાં કમીટી, સ્ટેજ કમીટી અને તમામ કારોબારી સભ્યોનુ અભિનંદન આપ્યા હતા. રામપાર્ક નવરાત્રીમાં દેવલ ત્રિવેદી, અર્બુદા નવરાત્રી, રમઝટ, ઉમિયા ચોક, કચ્છ કાદવ પાટીદાર, કિડ્સજોય સહીત નવરાત્રીના પ્રમુખ અને આયોજકોને સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે ઝેડસીએફ પ્રવીણ પરમાર, પરેશ શાહ, મોડાસા લાયન્સ ક્લબ પ્રમુખ નવીન પટેલ, મંત્રી જનક જોશી, લાયન્સ શક્તિના અને લાયન પરિવારના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

મને ન્યાયતંત્ર પર સંપૂર્ણ ભરોસો છે : શશીકાંત પંડ્યા

ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડ્યા ઉપર ડીસા નગર પાલિકામાં વર્ષ ૧૯૯૯માં તેમના નગરસેવકના કાર્યકાળ દરમિયાન કથિત સુલેહ શાંતિનો ભંગ કરવા બાબતે ગુનો દાખલ થયેલ. જેમાં ભારતીય જનતા પાર્ટીના વર્તમાન ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા વિરુદ્ધ ભારતિય ફોજદારી ધારાની કલમ ૩૨૭, ૪૭૭, ૧૮૬ અને ૫૦૪ મુજબ ફરિયાદ દાખલ થયેલ જેમાંથી કલમ ૩૨૭, ૪૭૭ અને ૫૦૪માં નિર્દોષ સાબિત થયેલ જયારે કલમ ૧૮૬ અંતર્ગત જિલ્લા કલેકટરનું જાહેરનામું અમલી હોઈ તેમને આ મામલે સજા કરાઈ હોવાનું ડીસા ખાતેની પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું. જોકે આ બાબતે શશીકાંત પંડ્યાએ વધુમાં જણાવ્યું હતું કે આ ઘટના ૨૯ વર્ષ પહેલાંની છે. લોકોના આરોગ્ય સામે ખતરો હોવાથી મે પાલિકાના નગરસેવકના નાતે જે તે વખતના સત્તાધીશો સમક્ષ રજુઆત કરી હતી પરંતુ કોંગ્રેસ શાસિત નગરપાલિકામાં અધિકારીઓ દબાવમાં હોવાથી મારી સામે ફરિયાદ કરવામાં આવી હતી, પરંતુ મારી સામે ફરજમાં

રુકાવટ અંગેની કલમ ન્યાયતંત્રએ રદ કરી છે અને માત્ર જાહેરનામામાં ભંગ બદલ સજા કરી હતી તે પણ સ્થગિત કરી છે, એટલું જ નહીં, મને ચુકાદાની સામે અપીલ કરવાની તક પણ આપી છે તેથી મને બદનામ કરનાર હિત શત્રુઓને ક્યારેય સફળ થવા નહિ દઉં તેવો લલકાર કરી ન્યાયતંત્ર ઉપર પૂરો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

હિંમતનગરની મંદબુદ્ધિની બાળકોની સંસ્થામાં શરદપુનમની ઉજવણી કરાશે

સાબરકાંઠા ચેરીટેબલ ટ્રસ્ટ હિંમતનગર સંચાલિત મોતીપુરા વિસ્તારમાં આવેલ મંદબુદ્ધિના બાળકોની સંસ્થામાં રહેતા અને ભણતા માનસિક દિવ્યાંગ બાળકો નવરાત્રીના ગરબાથી વંચિત ન રહે તે આશયથી શરદપુનમ તા. ૧૩ ઓક્ટોબરની રાત્રે બાલુડાના ગરબાના કાર્યક્રમનુ આયોજન કરાયુ છે. જે પ્રસંગે જિલ્લા પોલીસવડા, પાલીકા પ્રમુખ તથા અન્ય અગ્રણીઓની ઉપસ્થિતિમાં દેવના દિધેલા એવા બાળકો ગરબાનો રસાસ્વાદ માણશે. એમ એક યાદીમાં સંસ્થાના પ્રમુખ કુંજબિહારીભાઈ પટેલ, ઉપ પ્રમુખ જસવંતલાલ શાહ અને ટ્રસ્ટી મંડળ જણાવાયુ છે.

હિંમતનગર નગરપાલિકા દ્વારા ૩૦૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરાયુ

હિંમતનગર, તા. ૧૧

કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ગત તા. ૨ ઓક્ટોબરને ગાંધી જયંતિના દિવસથી દેશમાં સીંગલ યુઝ પ્લાસ્ટીકના વપરાશ પર પ્રતિબંધ મુક્યો હોવા છતા કેટલાક વેપારીઓ ચોરીછુપીથી લાલચમાં આવી જઈને છુપી રીતે તેનુ વેચાણ કરી રહ્યા છે. ત્યારે શુક્રવારે હિંમતનગર નગરપાલિકાના સત્તાવાળાઓએ શહેરમાં બેસ્થળે દરોડા પાડીને અંદાજે ૩૦૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કરીને બંને વેપારીઓ પાસેથી વહિવટી ચાર્જ વસુલ કર્યો હતો.

આ અંગે પાલિકાના ચીફ ઓફીસર અલ્પેશ પટેલના જણાવાયા મુજબ કેન્દ્ર અને રાજ્ય સરકારે સીંગલ યુઝ પ્લાસ્ટીક પર પ્રતિબંધ મુકતાની સાથે જ હિંમતનગર નગરપાલિકા દ્વારા શહેરીજનોને તે અંગે જાણકારી આપવા વિવિધ કાર્યક્રમો યોજીને લોક જાગૃતિ લાવવામાં આવી રહી છે તેમ છતાં શહેરમાં કેટલાક હોલસેલ વેપારીઓ કાયદાને અવગણીને પ્રતિબંધિત પ્લાસ્ટીકનુ વેચાણ કરતા હોવાની બાતમી નગરપાલિકાને મળી હતી.

ત્યારબાદ ચીફ ઓપીસર તથા સંલગ્ન વિભાગના અધિકારીઓ તથા કર્મચારીઓની ટીમે શુક્રવારે સ્ટેશન રોડ પર આવેલ જૈનીત એન્ટર પ્રાઈઝના ગોડાઉનમાં તપાસ કરતા તેમાંથી અંદાજે ૨૦૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીકનો જથ્થો મળી આવ્યો હતો. ત્યારબાદ પાલિકાની ટીમે આ જથ્થો જપ્ત કરીને વેપારી પાસેથી વહીવટી ચાર્જના નામે રૂ. ૨૦૦૦ની વસુલાત કરી હતી.

આ ઉપરાંત પાલિકાની ટીમે ટાવર પાસેના શાકમાર્કેટમાં ચેકીંગ કરતા વિવિધ વેપારીઓ પાસેથી ૧૦૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરીને તેમની પાસેથી પણ રૂ. ૧૦૦૦નો વહિવટી ચાર્જ વસુલ કરાયો હતો. ઉલ્લેખનીય છે કે કેન્દ્ર અને રાજ્ય સરકાર સીંગલ યુઝ પ્લાસ્ટીકના ઉત્પાકોને પણ ચેતવણી આપીને તેનુ ઉત્પાદન નહી કરવા તાકીદ કરી દીધી છે. સરકારના આ અભિગમને લીધે છેલ્લા કેટલાક દિવસોથી નાના વેપારીઓએ સીંગલ યુઝ પ્લાસ્ટીકનો વપરાશ બંધ કરીને તેને બદલે કાગળની થેલી અથવા તો કોથળીનો ઉપયોગ શરૂ કરી દીધોછે જે સરકારના આ કાયદાની સફળતાની નિશાની કહી શકાય.

હે રામ....મંદિરોમાં પણ ભગવાન સલામત નથી...!!

બાયડના ગ્રામ્ય વિસ્તારના ચાર મંદિરમાં તસ્કરોનો તરખાટ, નાગરિકોમાં ભય

બાયડ, તા. ૧૧

બાયડ પંથકમાં તસ્કરોએ જાણે ધામા નાખ્યા હોય તેમ ૨૦ સપ્ટેમ્બરના રોજ બાયડથી ગાબટ

રોડ પર આવેલ અદાના છાપરા ગામની સીમમાં એક ખેડૂતે મહામહેનતે તૈયાર કરેલ ચંદનના ઝાડ કાપી લઈ જઈને અંદાજે ૩ લાખની તસ્કરી કરાઈ હતી. ત્યારે ગત બે દિવસમાં બાયડના રડોદરા ગામે તસ્કરોએ ભગવાનનો ડર રાખ્યા વગર પાંચ મંદિરોને નિશાન બનાવ્યા હતા અને મંદિરની દાનપેટીઓ તોડી રોકડની ચોરી કરી લઈ પલાયન થઈ ગયા હતા.

તસ્કરો ચોરીઓ કરવા માટે કોઈ પણ તુક્કા શોધી કાઢતા હોય છે. વાહન ચોરી, ચીલ ઝડપ, લૂંટ, ઘરફોડ સહિત તસ્કરોને જાણે ભગવાનનો પણ ડર ન હોય તેમ મંદિરોને પણ છોડતા નથી. વધુમાં ખેડૂતોએ મહામહેનતે ઉભી કરેલી ખેત પેદાશોને પણ તસ્કરો નિશાન બનાવી પાયમાલ કરી દેતા હોય છે.

બાયડના રડોદરા ગામમાં તસ્કરોએ ધામા નાખ્યા હોય તેમ બે દિવસમાં પાંચ મંદિરોમાં ચોરી કરી હતી. જેમાં ૮ તારીખની રાત્રીએ સ્વામિનારાયણ મંદિરમાં ત્રાટકી દાનપેટી તોડી હતી અને દાનપેટીમાંથી પાંચ હજારની રોકડની ચોરી કરી લીધી હતી. ચોરીઓનો સીલસીલો તસ્કરોએ ચાલુ રાખ્યો હોય તેમ ૯ તારીખની રાત્રીએ પણ આ જ ગામમાં તસ્કરોએ ફરીથી હાથ અજમાવ્યો હતો અને શ્રી રામજી મંદિરમાંથી ઈકો સીસ્ટમ અને ૪ હજાર રોકડ, શ્રી વેરઈ મંદિરમાંથી બે હજાર રોકડ, શ્રી હનુમાનજી મંદિરમાંથી બે હજાર રોકડ અને શ્રી બહુચરામાતાજીના મંદિરમાંથી પણ બે હજારની રોકડની મત્તાની ચોરી કરી લીધી હતી. આ અંગે ગામ લોકોએ જણાવ્યું હતું કે સવારે મંદિરોમાં પૂજારીઓ જતાં તેઓને દાનપેટી તુટેલી જણાઈ હતી. જેના પગલે પૂજારીઓએ ગામલોકોને ચોરી થયા અંગેનું જણાવ્યું હતું.

જો કે રડોદરા ગામમાં પાંચ મંદિરોમાં ચોરીઓ થઈ હોવા અંગે કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ ન હોવાનું જાણવા મળ્યું હતું. પરંતુ જિલ્લામાં ગામડાઓમાં પોલીસ પેટ્રોલીંગના અભાવે તસ્કરોને મોકળું મેદાન મળતું હોય સમયાંતરે ગામડાઓમાં પોલીસ રાત્રી પેટ્રોલીંગ કરે તેવી ગામલોકોમાં માંગ થઈ રહી છે.

દોલપુર ગામે દશેરાના દિવસે મહાકાળી માતાના ગરબાનું આયોજન

દોલપુર ગામે છેલ્લા ઘણા વર્ષોથી દશેરાના દિવસે મહાકાળી માતાના ગરબાનું સુંદર આયોજન કરવામાં આવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ મહાકાળી માતાના ગરબાનું આયોજન કરવામાં આવેલ જેમાં આજુબાજુના ગામોમાંથી મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. દોલપુર ખોડિયાર માઇ મંડળના તમામ સભ્યો નટુભાઇ દેસાઈ, ધવલ દેસાઈ તથા દોલપુર ગ્રામજનોએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

હિંમતનગર હેડક્વાટર્સના શસ્ત્રાગારમાં બેદરકારી દાખવતા ચાર પોલીસકર્મી સસ્પેન્ડ

દશેરાએ શસ્ત્રપુજા કરવા ગયેલા જિલ્લા પોલીસ વડાએ નિરીક્ષણ કરતા સફાઈનો અભાવ જણાયો

હિંમતનગર, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક એવા પોલીસ હેડ ક્વાટર્સ ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ દશેરાના દિવસે શસ્ત્ર અને અશ્વપુજનનો કાર્યક્રમ જિલ્લા પોલીસ વડાની ઉપસ્થિતિમાં યોજાયો હતો. પરંતુ પોલીસના શસ્ત્રાગારમાં જ્યા પુજાવિધિ કરાઈ હતી તે સ્થળે સ્વચ્છતાનો અભાવ અને તેમાં ફરજ બજાવતા કર્મચારીઓની બેદરકારી જિલ્લા પોલીસવડાને ઉડીને આંખે વળગી હતી. ત્યારબાદ ગુરૂવારે સાંજે જિલ્લા પોલીસવડાએ બેદરકારી બદલ ચાર પોલીસકર્મીઓને અચાનક સસ્પેન્ડ કરાતા જિલ્લાના પોલીસ બેડામાં ચકચાર મચી જવા પામી હતી.

આ અંગે આધારભૂત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ આ વર્ષે નવરાત્રી પૂર્ણ થયા બાદ દશેરાના દિવસે પોલીસ હેડક્વાટર્સ ખાતે દર વર્ષની જેમ શસ્ત્ર અને અશ્વ પુજાના કાર્યક્રમનુ આયોજન કરાયુ હતુ. જેમાં જિલ્લા પોલીસવડા ચૈતન્ય માંડલીક અને અન્ય અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલા આ પુજનના કાર્યક્રમ દરમિયાન શસ્ત્રાગારમાં પડેલા હથીયારોની સફાઈ કરાઈ ન હતી તથા કેટલીક જગ્યાએ સફાઈ ન કરાતી હોવાને કારણે તે ગંદુ જણાતુ હતુ.

જિલ્લા પોલીસવડાએ આ બધી બાબતોનુ નિરીક્ષણ કરીને પગલા લેવાનું તત્કાલીન સમયે મન મનાવી લીધુ હતુ. ત્યારબાદ ગુરૂવારે સાંજે શસ્ત્રાગારમાં ફરજ બજાવતા આરએસઆઈ આહીર, લાઈન જમાદાર કલ્પેશભાઈ, કોટ જમાદાર અરવિંદભાઈ અને હાજરી જમાદાર નટુભાઈને સજાના ભાગરૂપે સસ્પેન્ડ કરી ફરજ મોકુફ કરી દીધા હતા. જે અંગે જિલ્લાના પોલીસતંત્રમાં ખબર પડતા ચકચાર મચી જવા પામી હતી. આ અંગે જિલ્લા પોલીસવડાએ શુક્રવારે એક વાતચીતમાં જણાવ્યુ હતુ કે શિસ્ત અને સ્વચ્છતાના સિદ્ધાંતને વળેલા પોલીસતંત્રમાં કર્મચારીઓ અને અધિકારીઓની બેદરકારી સાંખી લેવાય નહી તેથી જ ભવિષ્યમાં ફરીથી આવી ભુલ ન થાય તે આશયથી ચાર પોલીસ કર્મીઓને ફરજ મોકુફ કરવાની ફરજ પડી છે.

આજે હિંમતનગરના મહાકાલી મંદિરે ગરબા યોજાશે

હિંમતનગર, તા. ૧૧

ગુજરાત પ્રજાપતિ સમાજ પ્રેરીત સાબરકાંઠા જિલ્લા પ્રજાપતિ સમાજના સૌજન્યથી તા. ૧૨ ઓક્ટોબરની રાત્રે હિંમતનગરના કાંકણોલ રોડ પર આવેલ મહાકાલી મંદિરના સંકુલમાં મા બ્રહ્માણીના ગરબાની રમઝટનુ આયોજન કરાયુ છે. જેના માટે સમાજના યુવા યુવતીઓ માટે શ્રેષ્ઠ દેખાવ કરનારને પ્રોત્સાહન ઈનામ આપી સન્માનિત કરવાનુ નક્કી કરાયુ છે એમ એક યાદીમાં પ્રમુખ ધવલભાઈ પ્રજાપતિએ જણાવ્યુ હતુ.